# છોડીને ગયાં, છતાંયે હજુ તેની આશ છે, કહો ના કહો !

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

સુરતના વરાછા વિસ્તારમાં જતીનભાઈ એમનાં પુત્ર ચેતન અને પત્ની કાજલ સાથે સાંજના જમવા બેઠા હતા. ''પપ્પા,'' ચેતન અચાનક બોલ્યો, ''આપણે હવે આ બંગલો કાઢીને પોશ વિસ્તારમાં કે વેસુ બાજુ સરસ આનાથી પણ મોટો બંગલો લઈ લઈએ તો કેવું?''

''બેટા,'' જતીનભાઈ બોલ્યા,''તું તો જાણે છે કે, આપણો ધંધો હીરાનો છે અને હીરાનું માર્કેટ અહીં જ છે. આપણી પેઢી પણ અહીં છે અને આટલો સરસ અને આટલો મોટો બંગલો છે પછી શા માટે વેસુ કે બીજા કોઈ વિસ્તારમાં જવાની જરૂર છે ?'' ''એ વાત સાચી પપ્પા,'' ચેતને દલીલનો બીજો ભાગ આગળ ધર્યો, ''પણ, હવે સમાજમાં આપણું સ્ટેટસ ઘણું ઊંચું છે એટલે આપણે આપણા જેવા સ્ટેટસવાળા સાથે રહીએ તો સારું.''

''બેટા,'' જતીનભાઈ બોલ્યા, ''મને સ્ટેટસની પરવા નથી, સેવાની પરવા છે. તું જોતો હોઈશ કે આપણા પાટીદાર સમાજ ભવનનો વહીવટ મારે કરવાનો હોય છે, હું એનો પ્રમુખ છું અને એ ભવન પણ અહીં નજીકમાં જ છે. હું એમાં સેવા માટે જ જોડાયો છું એટલે સ્ટેટસને ભૂલી જા.'' ''તમેય,'' કાજલ બોલી, ''દીકરાની માગણી પર થોડો તો વિચાર કરો, તમારી સેવાનો જ વિચાર કર્યા કરશો?'' ''દીકરાની કઈ માગણી એવી છે કે જે મેં પૂરી ન કરી હોય? હું એનો ખ્યાલ રાખું જ છું. તમને તો ખ્યાલ છે જ કે, ધંધાના કામ માટે હું અવારનવાર મુંબઈ જઈને આપણા પાટીદાર સમાજ ભવનના સેક્રેટરી એવા અમરેલીના શેઠ કાંતિભાઈના બંગલે ધામા નાખું છું.

હું ને કાપડના મોટા વેપારી કાંતિભાઈ એમની ગાડીમાં બજારમાં જવા નીકળીએ ત્યારે ચેતન માટે અચૂક કંઈક ને કંઈક વસ્તુ હું દર વખતે લાવું જ છું. પરદેશ જાઉં છું ત્યારે પણ એના માટે વસ્તુ લાવું જ છું. હવે, એની ઈચ્છા જો વેસુમાં બંગલો લેવાની હોય તો એના લગ્ન થઈ જવા દે, પછી આપણે એના ને એની વહુ માટે વેસુમાં એ કહે એવો બંગલો ચોક્કસ લઈશું, બસ?''

કાજલ અને ચેતન શાંત થઈ ગયાં ને વાત ત્યાં જ પૂરી થઈ ગઈ.

બે-ત્રણ દિવસ પછી જતીનભાઈ હીરાની રફ લેવા મુંબઈ ઊપડ્યા. બપોરે એ ઘાટકોપરમાં કાંતિભાઈના બંગલે પહોંચ્યા. ''આવો આવો જતીનભાઈ,'' કાંતિભાઈએ એમને આવકાર્યા, ''આજે તો નાટક જોવા જવાનું છે. મને ખરેખર નાટકનો બહુ શોખ છે ને એમાં તમે આવી ગયા, એ બહુ સારું થયું. મઝા પડશે. સરસ નાટક છે.'' ''અરે, નાટકનો તો મને પણ શોખ છે હોં કાંતિભાઈ,'' જતીનભાઈ હસ્યા, ''ચોક્કસ જઈશું. કયું નાટક છે ?'' ''પરિવારનું સુખ'' એવું નામ છે નાટકનું,'' કાંતિભાઈ બોલ્યા, ''તમે જોજો, મઝા આવશે.''

રાત્રે બંને જણ નાટક જોવા ગયા. જતીનભાઈને તો નાટક ખૂબ ગમ્યું. એ પછીના શનિવારે જતીનભાઈ મુંબઈ ગયા. એ દિવસે પાટીદાર સમાજના હોલમાં જ નાટકનો શો હતો એટલે કાંતિભાઈને વહેલા જવાનું હતું, કારણ કે મુંબઈના પાટીદાર સમાજ સાથે પણ એ સંકળાયેલા હતા. જતીનભાઈ પણ એમની સાથે જ ઊપડ્યા. નાટકનો શો શરૂ થયો. જતીનભાઈ અને કાંતિભાઈ પહેલી જ હરોળમાં બેઠા હતા. બંનેએ નાટક માણ્યું. ''કાંતિભાઈ,'' જતીનભાઈએ નાટક પત્યે કાંતિભાઈને પૂછ્યું, ''નાટક ખરેખર સરસ છે. આપણે સુરતના પાટીદાર સમાજ માટે ત્યાંના સમાજના હોલમાં રાખીએ, તો આ કંપની આવશે?'' ''કેમ નહીં આવે ?'' કાંતિભાઈએ કહ્યું, ''ચાલો, આપણે અત્યારે જ વાત કરીએ.'' બંને સ્ટેજની પાછળના ભાગમાં ગયા. મેનેજર સ્ટાફ સાથે ચા પીતા હતા. ''આવો આવો શેઠ,'' મેનેજરે કાંતિભાઈને કહ્યું, ''કેવો રહ્યો અમારો શો ?''

''અફલાતૂન,'' કાંતિભાઈએ કહ્યું, ''આ મારા મિત્ર છે- જતીનભાઈ. એ સુરત પાટીદાર સમાજના પ્રમુખ છે ને એમની ઈચ્છા તમારા નાટકનો શો સુરતમાં કરવાની છે, તમને ફાવશે? અમારો પાટીદાર સમાજનો હોલ ઘણો મોટો છે. સગવડ બધી જ છે.''

''તો પછી અમને શો વાંધો હોય ?'' મેનેજર રમતુભાઈએ હસીને કહ્યું, ''અમને તો પૈસા મળે તો ગમે ત્યાં શો કરીએ. બોલો, ક્યારે રાખવો છે શો?''

''આવતા શનિવારે રાખી શકાશે ?'' જતીનભાઈએ પૂછ્યું. ''ચોક્કસ,'' રમતુભાઈ મેનેજર બોલ્યા, ''શનિ-રવિ અમારે ખાલી જ છે. ચોક્કસ, નક્કી. બીજું કોઈ હોત તો એડવાન્સ માગેત પણ કાંતિભાઈ શેઠ છે એટલે વાત પૂરી. અમે બધા રહીએ છીએ તો દહાણુમાં, પણ મૂળ તો અમે બદ્ધા જ અમરેલીની બાજુના લીલીયા મોટા ગામના જ છીએ એટલે તમને વાંધો નહીં આવે. અમે શનિવારે સવારે જ તમે આપો એ સરનામે આવી જઈશું.''

જતીનભાઈએ હોલનું સરનામું ને પોતાનો ફોન નંબર એમને લખી આપ્યા. બીજા દિવસે સુરત આવીને એમણે પોતાના પટેલ સમાજમાં વાત ફેલાવી દીધી કે, શનિવારે રાત્રે નવ વાગ્યે આપણા ભવનના હોલમાં 'પરિવારનું સુખ' નામના સામાજિક નાટકનો શો છે ને નાટક બધાને ગમે એવું છે, તો બધાએ જરૂર આવવું. જેટલું બની શકે એટલું ડોનેશન આપશો. બધાને નિમંત્રણ આપ્યા પછી જતીનભાઈને યાદ આવ્યું - આપણા સમાજના મેડિકલ કેમ્પ વખતે ડૉક્ટર અતુલ સવાણી કાયમ હાજરી આપે છે ને એક પણ પૈસો લેતા નથી, તો એમને પણ આમંત્રણ આપવું જોઈએ. એમણે ફોન કરીને આમંત્રણ આપી પણ દીધું. શનિવારે રાત્રે નાટક શરૂ થયું. નાટકનું કથાવસ્તુ કંઈક આ પ્રમાણે હતું- મુંબઈનું એક મધ્યમવર્ગીય કુટુંબ. પતિ-પત્ની, દીકરો-વહુ અને એક નાનો દીકરો એટલે કે દિયર, આમ પાંચ જણનું કુટુંબ, છતાં અવારનવાર ઘરમાં કજીયાકંકાસ ચાલતા રહેતા. કુટુંબ હતું પણ સુખ નહોતું. છેવટે બીજા વર્ષે નાના દીકરાના લગ્ન થયા. એની સંસ્કારી પત્ની દેખાવમાં પણ એકદમ સુંદર હતી. એણે ધીમે ધીમે બધાના પ્રશ્નો સાંભળીને નિકાલ લાવી દીધો, અને ઘરમાં શાંતિ સ્થપાઈ ગઈ! લોકોને નાટક ખૂબ ગમ્યું. એમાંય નાના દીકરાની વહુ બનનાર મહારાષ્ટ્રીયન અભિનેત્રી સપના પાઠકની ભાષા, એના અવાજનો રણકો, એનું સૌંદર્ય ને સ્ટેજ પર ચાલવાની એની અદા પર લોકો ઓળઘોળ થઈ ગયા. આખા નાટકમાં તો લોકો તાળીઓ પાડતા રહ્યા, ક્યારેક કોઈ દૃશ્યમાં બહેનોની આંખમાંથી આંસુ પણ સરી જતાં!

ડૉક્ટર અતુલભાઈની ઉંમર નાની હતી, ને એમના હજી લગ્ન થયા નહોતા. એ તો સપના પાઠક પર ઓવારી ગયા! રાત્રે નાટક પત્યા પછી સવારનાં ચા-પાણી પતાવીને નાટક કંપની તો મુંબઈ રવાના થઈ ગઈ.

જો કે નાટકની ખ્યાતિ એટલી બધી ફેલાઈ કે બીજા શનિવારે પણ એનો શો રાખવો પડ્યો. એ શોમાં પણ ડૉક્ટર અતુલ સવાણી પોતાના કમ્પાઉન્ડર રમેશ સાથે હાજર રહ્યા. એ શો પણ હાઉસફુલ રહ્યો ને એના પગલે ત્રીજા શનિવારે પણ નાટકનો શો રહેશે એવી જાહેરાત જતીનભાઈને કરવી પડી.

એ શનિવારે પણ અતુલભાઈ રમેશને લઈને નાટક જોવા ગયા. આ વખતે તો તેઓ આગળની હરોળમાં બેઠા હતા. સ્ટેજ પરથી ઢોળાતું સપનાનું રૂપ એ આખી રાત એમનાં સપનામાં પ્રસરતું રહ્યું!

બીજે દિવસે સવારે જાગ્યા ત્યારે એમને થયું કે, હજી એકાદ શો થાય તો સારું પણ એ શો માટે કોઈને કહેવાની એમની હિંમત નહોતી.

એ પોતાની હોસ્પિટલ તો ગયા પણ સપનાની સ્મૃતિ પડછાયાની જેમ એમનો પીછો કરતી રહી!

હોસ્પિટલમાં એમનું ચિત્ત એ દિવસે ખાસ ચોંટ્યું નહીં. બપોરે રમેશને હોસ્પિટલનું ધ્યાન રાખવાનું કહીને એ ઘેર આવ્યા.

ઘેર આવીને એ જમવા બેઠા પણ જમવામાં પણ એનું ચિત્ત ચોંટતું નહોતું. "કેમ બેટા," એમનાં મમ્મીએ પૂછ્યું, "આજે કેમ અસ્વસ્થ લાગે છે? થાક લાગ્યો છે કે બીજું કંઈ છે?"

"કશું નથી મમ્મી," અતુલે કહ્યું, "આ તો કાલે રાત્રે નાટક જોવા ગયેલા એના ઉજાગરાના લીધે થોડી આળસ ચડી છે. હવે નિરાંતે ઊંઘ કાઢીશ એટલે સાંજે ઠીક થઈ જઈશ. આજે બપોરે હોસ્પિટલ નથી જવું.''



મને પણ લગ્ન કરવાની ઉતાવળ છે અને જલ્દી લગ્ન થાય એવી મારી પણ ઈચ્છા છે. તું જોજે, હું એવી કન્યા શોધીશ કે લોકો જોતા જ રહી જાય. વખાણ કરતાં લોકો થાકશે નહીં. તું જોજે

"કશો વાંધો નહીં બેટા," એની મમ્મીએ કહ્યું, "શરીરનું સુખ ન હોય ત્યારે કામમાં પણ મન ન લાગે. તું આરામ કર અને જાગે ત્યારે મને કહેજે, ચા બનાવી દઈશ. સરસ આદુવાળી ચા પીશ એટલે તને મઝા પડી જશે." જો કે અતુલને ખબર હતી કે, આદુવાળી ચા તો શું, અમૃતવાળી ચા પીવાથી પણ એને શાંતિ મળે એમ નહોતું. સાંજના એ જાગ્યો, ત્યારે મન પરનો બોજ કંઈક હળવો લાગ્યો. એની મમ્મીએ ચા બનાવી દીધી. ચા પીને એ થોડી વાર વરાછાની બજારમાં ફરવા નીકળ્યો.

અચાનક સુદામાચોક પાસે જ એમને જતીનભાઈનો ભેટો થઈ ગયો! ''કાં ડૉક્ટરસાહેબ,'' જતીનભાઈએ પૂછ્યું, ''મઝામાં ને?'' ''હા, એકદમ મઝામાં,'' અતુલભાઈએ જવાબ આપ્યો. ''કાલે નાટક કેવું લાગ્યું ?'' જતીનભાઈએ પૂછ્યું. ''ખરેખર,'' અતુલભાઈએ જવાબ આપ્યો, ''બહુ ઉમદા ને સંસ્કારી નાટક હતું. બધાને ગમી જાય એવું. મને પણ ગમી ગયું. હજી એક વખત જોવાની ઈચ્છા છે, પણ હવે તો....''

''અરે, ચિંતા શા માટે કરો છો ?'' જતીનભાઈ બોલ્યા, ''લોકોએ એટલું ડોનેશન આપ્યું છે કે, કંપનીવાળા ખુશ થઈ ગયા છે. આવતા શનિવારે પણ આપણે શો રાખ્યો છે. હું કાલે જાહેરાત કરવાનો જ છું. તમે ચોક્કસ આવી જજો.''

જો બજાર વચ્ચે ન હોત તો તો અતુલભાઈએ ચોક્કસ ગુલાંટિયું ખાઈ લીધું હોત! ''ભલે,'' એમણે સંયમિત થઈને કહ્યું, ''હું ચોક્કસ આવી જઈશ. આ વખતે તો એના મેનેજરને મળીને એને અભિનંદન પણ આપવા છે.'' ''હા, ચોક્કસ,'' જતીનભાઈએ કહ્યું, ''મેનેજર રમતુભાઈ બહુ સરળ સ્વભાવના માણસ છે પણ વ્યવસ્થામાં ને અદાકારીમાં બેજોડ છે.''

''સરસ,'' અતુલભાઈએ પગ ઉપાડતાં કહ્યું, ''તો, શનિવારે મળીશું.'' એ ત્યાંથી રિક્ષા કરીને ઘેર ગયો. રિક્ષા પણ ધીમી ચાલતી હોય એવું એને લાગ્યું. ઘેર જઈને એણે મમ્મીને રસોઈનું પૂછ્યું. ''આજે તો ખીચડી બનાવવાની ઈચ્છા છે બેટા,'' એની મમ્મીએ કહ્યું, ''ભાવશે ને તને?'' ''ભાવશે,'' અતુલે કહ્યું, ''ખીચડી તો મને ભાવે જ છે પણ આજે મૂડ આવી ગયો છે, એટલે તું પૂરી, બટાટાનું શાક ને દાળ-ભાત બનાવ, હું ગાડી લઈને બજારમાં જાઉં છું ને ઘારી લેતો આવીશ. આજે જમવાની મઝા પડશે.'' અતુલની મમ્મી તો દીકરાની ખુશી જોઈને જ ખુશ થઈ ગયાં. એમણે ઝટપટ રસોઈની તૈયારી કરી. અતુલ ગાડી લઈને બજારમાં ગયો. પહેલા તો એને થયું કે, ભરત ધૂક ઘારી સરસ બનાવે છે, એને ત્યાંથી જ લઈ લઉં, પછી એને યાદ આવ્યું કે, એ તો એના પપ્પાની તબિયત બતાવવા અમદાવાદ ગયો છે એટલે એમણે છેવટે એક પ્રખ્યાત દુકાનેથી ઘારી લીધી ને ગાડી ઘર તરફ વાળી. એ ઘેર પહોંચ્યો ત્યારે એની મમ્મીનું રસોઈનું કામ પતવા જ આવ્યું હતું.

રસોઈ પતી ત્યાં સુધીમાં એણે કપડાં બદલ્યાં ને પછી એ નીચે આવ્યો, તો એની મમ્મીએ ડાઈનિંગ ટેબલ પર થાળીઓ ગોઠવી રાખેલી. ''વાહ મમ્મી,'' અતુલે કહ્યું, ''સુગંધ પરથી જ લાગે છે કે, રસોઈ મસ્ત બની હશે.''

''બને જ બેટા,'' એની મમ્મી હસી, ''પણ, હવે આ બોજ મારા માથેથી ઉતાર તો સારું. જલ્દી જલ્દી લગ્ન કરી લે.'' ''અરે,'' અતુલ બોલ્યો, ''થઈ જ જશે મમ્મી, મને પણ લગ્ન કરવાની ઉતાવળ છે અને જલ્દી લગ્ન થાય એવી મારી પણ ઈચ્છા છે. તું જોજે, હું એવી કન્યા શોધીશ કે લોકો જોતા જ રહી જાય. વખાણ કરતાં લોકો થાકશે નહીં. તું જોજે.'' ''બહુ સરસ બેટા,'' એની મમ્મીએ કહ્યું, ''તો પછી ઝડપ કરજે.''

''સારું મમ્મી,'' કહીને અતુલ હાથ ધોઈને ઊભો થયો. એ રાત્રે ફરી સપના પાઠક એની આંખ આગળ ફરકવા લાગી. મહામહેનતે એને દૂર કરીને એ સૂતો. મંગળવારે સવારે એ હોસ્પિટલમાં એની ચેર પર ગોઠવાયો, ત્યાં એનો કમ્પાઉન્ડર રમેશ એની પાસે આવ્યો. ''સાહેબ,'' એણે કહ્યું, ''મારે સોમવારથી બી.એ.ની છેલ્લા વર્ષની પરીક્ષા શરૂ થાય છે એટલે કાલથી હું રજા પર જાઉં છું. શક્ય હશે તો આવતા ગુરુવારે પાછો હાજર થઈ જઈશ.'' ''હા અલ્યા,'' અતુલ હસ્યો, ''તું તો કોલેજના છેલ્લા વર્ષમાં છે ખરું? ભલે, જા, અને મહેનત કરજે.

પેપર સરસ જાય એવું લખજે ને વહેલો વહેલો હાજર થઈ જજે. શુભેચ્છાઓ.'' આટલું કહીને અતુલે પાંચસોની બે નોટો એને શુભેચ્છા તરીકે આપી. એ પછી તો દર્દીઓ આવતા રહ્યા, હોસ્પિટલ ધમધમતી રહી, તાપીના પાણી વહેતાં રહ્યાં ને શનિવાર પણ આવી ગયો! એ રાત્રે સરસ કપડાં પહેરીને અતુલ પટેલ સમાજની વાડી પર ગયો.

નવ વાગ્યા ને નાટક શરૂ થયું. અતુલને આગળના ભાગમાં બહુ રસ નહોતો, એ સપના પાઠકની એન્ટ્રીની રાહ જોતો રહ્યો.

નાટકમાં નાના દીકરાના લગ્ન થયા ને વહુ આવી. અતુલ ખુશ થઈ ગયો. હમણાં એ ઘૂંઘટ ખોલશે ને એનું મોહક રૂપ જોવા મળશે એમ વિચારતો હતો ત્યાં જ વહુએ ઘૂંઘટ ખોલ્યો ને અતુલ સ્તબ્ધ થઈ ગયો - એ સપના પાઠક નહોતી! બીજી જ કોઈ કલાકાર હતી! અતુલને આશ્ચર્ય થયું કે, આમ કેમ બન્યું હશે? નાટક પત્યે મેનેજરને સીધું જ પૂછવાનું એણે નક્કી કર્યું.

નાટક પત્યું એટલે કોઈને કહ્યા વિના એ સીધો સ્ટેજની પાછળના ભાગમાં ગયો. મેનેજરને શોધીને એણે એમની સામે જોયું. "આજે નાના દીકરાની વહુ તરીકે સપના પાઠક કેમ નથી?" એણે સીધો પ્રશ્ન કર્યો. "શું વાત કરું સાહેબ," મેનેજર રમતુભાઈ બોલ્યા, "અમારાં તો નસીબ ફૂટી ગયાં.

સપના ખૂબ સરસ કલાકાર હતી પણ બે દિવસ પહેલાં જ એ કોઈની સાથે પ્રેમલગ્ન કરીને ભાગી ગઈ, એ તો મેં આ છોકરીને તાત્કાલિક ડાયલોગ મોઢે કરાવ્યા ને સ્ટેજ પર રજૂ કરી!" "પણ એવી કેવી ભાગી ગઈ?" અતુલે પૂછ્યું, "કોની સાથે ભાગી એ જાણ્યું?" "ભાગ્યા પછી અમારે જાણીને શું કરવું છે?" મેનેજરે ભીના અવાજે કહ્યું, "પણ, એ સુરતના જ કોઈ ડૉક્ટરના કમ્પાઉન્ડર રમેશ જોડે ભાગી ગઈ છે, ગુરુવારે જ!"

સિમેન્ટ કોંક્રિટનો ગઠો માથા પર પડ્યો હોય એમ અતુલ મેનેજરના ચહેરા સામે તાકી જ રહ્યો. હવે એને ખ્યાલ આવ્યો કે રમેશ પરીક્ષા માટે નહીં, પણ આ પરિણામ માટે રજા માગતો હતો !

ધીમા પગલે એ, પગથિયે પગથિયે દેખાતા સપનાના ચહેરાને બૂટથી કચડતો નીચે ઊતરી ગયો!

(શીર્ષકપંક્તિઃ દીપલ ઉપાધ્યાય)